# ફેફસાના કેન્સરની તપાસ વિશે તમારે શું જાણવું જોઈએ.

## ફેફસાંનું કેન્સર શું છે?

ફેફસાંનું કેન્સર એ કેન્સર છે જે ફેફસાંમાં જોવા મળે છે. તે ત્યારે શરૂ થાય છે જ્યારે ફેફસાંમાં અસામાન્ય કોષો અનિયંત્રિત રીતે વધે છે. ફેફસાંનું કેન્સર એ સૌથી સામાન્ય કેન્સરમાંનું એક છે અને ઑન્ટારિયોમાં કેન્સરથી થતા મૃત્યુનું સૌથી સામાન્ય કારણ છે. ભૂતકાળમાં, ફેફસાના કેન્સરથી પીડાતા મોટાભાગના લોકો મૃત્યુ પામતા હતા કારણ કે તેમના કેન્સરની જાણ મોડેથી થતી હતી, કે જ્યારે સારવાર પણ કામ ન કરી શકે. હવે ફેફસાના કેન્સર માટે લોકોની તપાસ (તપાસ) કરવાની એક અસરકારક રીત છે જેથી કેન્સર હોવાની જાણ વહેલા થઈ શકે, કે જ્યારે સારવાર વધુ સારી રીતે કામ કરી શકે.

### કેન્સરની તપાસ એટલે શું?

કેન્સરની તપાસ એ એવા લોકો પર કરવામાં આવે છે કે જેમને કેન્સર થવાનું જોખમ હોય પરંતુ કોઇ લક્ષણો નથી અને સામાન્ય રીતે સારું લાગે છે.

ઑન્ટારિયો લંગ સ્ક્રીનીંગ પ્રોગ્રામ (OLSP) એ ઑન્ટારિયોનો ફેફસાનો કેન્સર સ્ક્રિનિંગ પ્રોગ્રામ છે. OLSP ફેફસાના કેન્સર થવાનું જોખમ ધરાવતા લોકોને નિયમિતપણે આ રોગની તપાસ કરાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

### આંતરડાના કેન્સર માટે કોને તપાસ કરાવવી જોઈએ?

ફેફસાના કેન્સરનું જોખમ વધારે હોય તેવા લોકોને ફેફસાના કેન્સરની તપાસ કરાવવાની ભલામણ કરવામાં આવે છે. તમે ફેફસાના કેન્સરની તપાસ માટે પાત્ર બની શકો છો જો:

- તમારી ઉંમર 55થી 80 વર્ષ છે
- તમે ઓછામાં ઓછા 20 વર્ષથી દરરોજ સિગારેટ પીધી છે - તે સતત 20 વર્ષ હોવું જરૂરી નથી, જેનો અર્થ એ છે કે તેમાં એવો સમય પણ હોય શકે છે જ્યારે તમે ધૂમ્રપાન ન કર્યું હોય અને
- OHIP કવરેજ મેળવ્યું હોય

જો તમે આ માપદંડોને પૂર્ણ કરો છો, તો તમારે તમારા ડૉક્ટર અથવા નર્સ પ્રેક્ટિશનર સાથે OLSP સ્થાનનો સંદર્ભ મેળવવા માટે વાત કરવી જોઈએ અથવા તમે સીધા જ OLSP સ્થાનનો સંપર્ક કરી શકો છો.

તમે સંપર્ક કરી શકો તેવા OLSP સ્થાનોના નામ મેળવવા માટે ontariohealth.ca/lungscreeninglocationsની મુલાકાત લો અથવા **1.866.662.9233** પર કૉલ કરો.

### હું ફેફસાના કેન્સરની તપાસ માટે લાયક છું કે નહીં તે હું કેવી રીતે શોધી શકું?

OLSPનો સંદર્ભ આપવામાં આવેલા દરેક વ્યક્તિ તપાસ માટે લાયક ઠરશે નહીં.

OLSP સ્થાન તમને ફેફસાના કેન્સર થવાના તમારા જોખમ વિશે વધુ જાણવા માટે ફોન કરશે અને તમારા સ્વાસ્થ્ય અને ધૂમ્રપાનના ઇતિહાસ વિશે પ્રશ્નો પૂછશે. આ પ્રશ્નોના તમારા જવાબોના આધારે, OLSP સાઇટ તમને જણાવશે કે તમે ફેફસાના કેન્સરની તપાસ માટે લાયક છો કે નહીં.

Ontario Health
Cancer Care Ontario

## ફેફસાના કેન્સરની તપાસ દરમિયાન શું થાય છે?

જો તમે તપાસ કરાવવા માટે લાયક છો, તો તમને એક પ્રકારનો કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (CT) સ્કેન આપવામાં આવશે જેમાં થોડી માત્રામાં રેડિયેશનનો ઉપયોગ થાય છે. આ પરીક્ષણને લો-ડોઝ સીટી સ્કેન કહેવામાં આવે છે. સ્કેન દરમિયાન, તમે એક ખુલ્લા ટેબલ પર સૂઓ છો જે સ્કેનર નામના મોટા ડોનટ આકારના મશીનમાંથી પસાર થાય છે. સ્કેનર તમારા ફેફસાંના વિગતવાર ચિત્રો લેવા માટે થોડી માત્રામાં રેડિયેશનનો ઉપયોગ કરે છે. આ પરીક્ષણમાં **ફક્ત થોડી મિનિટો લાગે છે અને પીડાદાયક નથી**. પરીક્ષણ દરમિયાન કોઈ દવાઓ કે ઇન્જેકશન આપવામાં આવતા નથી.

જ્યારે તમારી તપાસ થશે ત્યારે હોસ્પિટલ સ્ટાફ તમને ટેકો આપવા માટે હાજર રહેશે. તમે તમારી સાથે કોઈ મિત્ર અથવા પરિવારના સભ્યને પણ લાવી શકો છો.

## મારે કેટલી વાર તપાસ કરાવવી જોઈએ?

OLSP ભલામણ કરે છે કે જો તમે આ કાર્યક્રમ માટે લાયક છો, તો દર વર્ષે તમારી તપાસ કરાવો.

## જો હું ફેફસાના કેન્સરની તપાસ માટે લાયક ન બનું તો શું?

સમય જતાં ફેફસાનું કેન્સર થવાનું જોખમ બદલાઈ શકે છે. જો કોઈ OLSP સાઇટ તમને કહે કે તમે તપાસ માટે લાયક નથી, તો તમારે 3 વર્ષમાં ફરી તપાસ કરવી જોઈએ કે તમે લાયક છો કે નહીં.

જો તમને આમાંથી કંઈપણ લાગુ પડે છે તો તમારે વહેલા ફરીથી તપાસ કરવી જોઈએ:

- તમે ફરીથી ધૂમ્રપાન કરવાનું શરૂ કર્યું (જો તમે છોડી દીધું હતું તો)
- તમને કહેવામાં આવ્યું છે કે તમને ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ (COPD) છે
- તમને ફેફસાના કેન્સરનો નવો કૌટુંબિક ઇતિહાસ છે

## સિગારેટ છોડવા માટે મને ક્યાંથી મદદ મળી શકે?

તમારા એકંદર સ્વાસ્થ્યને સુધારવા માટે ધૂમ્રપાન છોડવું એ શ્રેષ્ઠ બાબતોમાંની એક છે, જેમાં કેન્સર થવાની શક્યતા ઘટાડવાનો પણ સમાવેશ થાય છે.

છોડવું મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ તે શક્ય છે અને જો કોઈ વ્યક્તિને ધૂમ્રપાન છોડવામાં મદદ મળે તો તે છોડવાની શક્યતા વધુ હોય છે. જો તમે હાલમાં ધૂમ્રપાન કરો છો અને OLSP સ્થાનોમાંથી કોઈ એક પર આવો છો, તો તમને ધૂમ્રપાન છોડવામાં મદદ કરવા માટે મફત સેવાઓ આપવામાં આવશે.

ધૂમ્રપાન છોડવામાં મદદ માટે તમે નીચેની સેવાઓનો સીધો સંપર્ક પણ કરી શકો છો:

- હેલ્થ811: 811 ડાયલ કરીને
- ધૂમ્રપાન કરનારાઓની હેલ્પલાઇન: SmokersHelpline.ca પર

## ફેફસાના કેન્સરની તપાસ વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને મુલાકાત લો:

[ontariohealth.ca/lung](ontariohealth.ca/lung)

Ontario Health
Cancer Care Ontario